# મનપાની ૪૪ બેઠકો માટે ૨૩૩ ઉમેદવારોએ ઝુકાવ્યુ

## સૌથી વધુ વોર્ડ નં. ૧ અને વોર્ડ નં. ૬ માં ૨૬ અને સૌથી ઓછા વોર્ડ નં. ૭ માં ૧૪ ઉમેદવારોએ ઝુકાવ્યુ : શનિવારે ચકાસણી કરાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગર પાલિકાની ૪૪ બેઠક માટે ૨૩૩ ઉમેદવારોએ ઉમેદવારી પત્ર ભર્યા છે. ઉમેદવારી પત્ર ભરવાનો આજે અંતિમ દિવસ હતો અને સવારના ૧૧ વાગ્યાથી જ ઉમેદવારો અને સમર્થકો કલેક્ટર કચેરી ખાતે ઉમટી પડ્યા હતા.

કલેક્ટર કચેરી ખાતે પાંચેય ચૂંટણી અધિકારીઓની કચેરી પર સેનીટાઈઝેશન તેમજ થર્મલ ગન દ્વારા સ્ક્રીનીંગ કરવામાં આવતુ હતુ. કલેક્ટર કચેરીના બીજા, ત્રીજા અને ચોથા માળે સમર્થકો અને ઉમેદવારોને બેસવા માટે ખાસ ખુરશીઓ મુકીને વ્યવસ્થા કરવામાં આવી હતી.

જો કે આજે ભારે ધસારાના કારણે સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાતુ નજરે પડતુ ન હતુ.

મહાનગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નં. ૧ અને વોર્ડ નં. ૬ માં ૨૬ ઉમેદવારો નોંધાયા છે. જ્યારે સૌથી ઓછા ઉમેદવારો વોર્ડ નં. ૭ માં ૧૪ નોંધાયા છે.

આજે કલેક્ટર કચેરીમાં સવારના સમયે ભાજપના ઉમેદવારો, બપોરના સમયે કોંગ્રેસ-આપ આદમી પાર્ટી તેમજ અપક્ષ અને અન્ય ઉમેદવારો તેમના સમર્થકો સાથે પહોંચી ગયા હતા.

મહાનગરપાલિકાની ૪૪ બેઠકો માટે વોર્ડ નં. ૧ માં ૨૬, વોર્ડ નં. ૨ માં ૨૦, વોર્ડ નં. ૩ માં ૨૦, વોર્ડ નં. ૪ માં ૨૩, વોર્ડ નં. ૫ માં ૧૯, વોર્ડ નં. ૬ માં ૨૬, વોર્ડ નં. ૭ માં ૧૪, વોર્ડ નં. ૮ માં ૨૨, વોર્ડ નં. ૯ માં ૨૧, વોર્ડ નં. ૧૦ માં ૨૦ અને વોર્ડ નં. ૧૧ માં ૨૨ ઉમેદવારીપત્રો ભરાયા છે.

હવે શનિવારે ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરવામાં આવશે. ૫ મી ને સોમવારના રોજ બપોરના ૩ વાગ્યા સુધીમાં ઉમેદવારી પત્ર પાછા ખેંચી શકાશે. આ પછી જંગનું ચિત્ર સ્પષ્ટ થશે.

રાજકીય વર્તુળોમાં ચાલતી ચર્ચા મુજબ આ જંગ ત્રિકોણીય તો બની જ ચુક્યો છે પણ કેટલાક વોર્ડમાં બહુકોણીય બને તો પણ નવાઈ નથી.








## ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે ઉમેદવારોનો ધસારો : ભાજપ-કોંગ્રેસ અને આપ ઉમેદવારો તેમજ સમર્થકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં આજે ઉમેદવારી પત્ર ભરવા માટે ઉમેદવારો અને સમર્થકોનો ભારે ધસારો કલેક્ટર કચેરીએ થયો હતો. કલેક્ટર કચેરીનું આંગણુ રાજકીય મેળાનું સ્થળ બનીને ઉભરી આવ્યુ હતુ. જ્યાં ભાજપ-કોંગ્રેસ-આપ-અન્ય પક્ષોના આગેવાનો એક-મેકની સાથે જોવા મળ્યા હતા.

ચૂંટણી અધિકારીની કચેરીએ આજે સવારે ૧૧ વાગ્યાથી ભાજપના ઉમેદવારો અને તેમના સમર્થકો ઉમટી પડ્યા હતા. પોલીસે સમર્થકોને બહાર વાળ્યા હતા અને ઉમેદવારો અને તેમના ટેકેદારોમાંથી એક-બે ને જ જવાની મંજૂરી આપી હતી.

ભાજપના ઉમેદવારો તેમના વિસ્તારોમાં આવેલા ધાર્મિક સ્થાનો પરથી દર્શન અને આશીર્વાદ મેળવી સમર્થકો સાથે આવી પહોંચ્યા હતા. કલેક્ટર કચેરી ખાતે ભાજપના શહેર પ્રમુખ રૂચિર ભટ્ટ, કેતનભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, પૂર્વ સંસદીય સચિવ પૂનમભાઈ મકવાણા, પૂર્વ ડે. મેયરો કાર્તિક પટેલ, નાઝાભાઈ ઘાંઘર, પૂર્વ ચેરમેન આશિષભાઈ દવે સહિત શહેર ભાજના હોદ્દેદારો અને આગેવાનો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

કોંગ્રેસ પક્ષ દ્વારા આજે સવારે તેની બીજી યાદી જાહેર થઈ હતી. જો કે કોંગ્રેસના સભ્યોએ વિજય મુહૂર્ત ૧૨.૩૯ એ ઉમેદવારી પત્ર ભરવાના કરેલા નિર્ણયને પગલે કોંગ્રેસના ઉમેદવારો પણ ૧૨.૧૫ પછી તેમના સમર્થકો સાથે આવી પહોંચ્યા હતા.

કોંગ્રેસના ઉમેદવારો પણ તેમના વિસ્તારમાં આવેલા ધાર્મિક સ્થાનો પર જઈ પૂજા-અર્ચના કરી દર્શન અને આશીર્વાદ મેળવી સમર્થકો સાથે આવ્યા હતા.

વોર્ડ નં. ૮ ના કોંગ્રેસના ઉમેદવારો રાકેશ પટેલ, કુંતલ રાવલ, મીનાબેન ઠાકોર, તુષારભાઈ આસોડિયા આજે સાયકલ પર ઉમેદવારી પત્ર ભરવા પહોંચ્યા હતા.

આમ આદમી પાર્ટીએ પણ આ જંગમાં ઝુકાવી ૪૩ ઉમેદવારોને મેદાનમાં ઉતારતાં રાજકીય વર્તુળોમાં તે સૌથી વધુ ચર્ચામાં જોવા મળી રહેલ છે.

કોંગ્રેસના ઉમેદવારો ફોર્મ ભરવા આવ્યા ત્યારે શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહ, શહેર કોંગ્રેસના અગ્રણીઓ અને શહેર કોંગ્રેસના હોદ્દેદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# જિલ્લામાં કોરોના બેફામ : નવા ૫૪ કેસ

## ગ્રામ્ય વિસ્તારમાં ૨૬ કેસ : કુડાસણમાં ૧ વર્ષની દિકરી સહિત ગાંધીનગર તાલુકામાં ૨૪ કેસ, કલોલમાં બે કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના ૫૪ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૨૬ અને શહેરમાં ૨૮ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકામાં કોરોના બેફામ બનીને વિસ્તરી રહ્યો છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ અને કલોલમાં આજે બે કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકામાં પરિવારો સંક્રમિત થતા કેસોની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

તંત્રએ સઘન સર્વેલન્સ, સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમો તેમજ હોમ આઈસોલેશનના નિયમો અને માસ્ક ફરજીયાતની અમલવારી કડક રીતે કરવામાં આવે તેવી સૂચનાઓ આપી છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૪૩૭૩ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક્ટીવ કેસોની સંખ્યા વધી રહી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૪૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૧૨૮૮ સાત મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી કેસો મળવાના શરૂ થતાં તંત્રમાં ચિંતા ઉભી થઈ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૬ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

શહેરમાં આજે સે. ૨૭ માંથી ૪, સે. ૨૧ માંથી ૪, સે. ૫ જવા અપીલ કરી છે.

આજે સંક્રમિત થનારાઓમાં ડ્રાયવર, નાણાં વિભાગનો કર્મયોગી, બે શિક્ષક, મદદનીશ શિક્ષક, સચિવાલયના અધિકારી તેમજ કર્મયોગીઓનો સમાવેશ થાય છે.

શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૩૫૦ની નજીક પહોંચી છે જ્યારે શહેરમાં પણ કોરોનાથી

### શહેરમાં ૨૮ કેસ : સે. ૨૭, ૨૧ માં ૪-૪ કેસ, સે. ૫ માં ૩ કેસ આ ઉપરાંત સે. ૪, ૧૩, ૨૪, બોરીજમાં બે-બે કેસ તેમજ સે. ૨૯, ૨૫, ૧, ૨, ૨૮, ૩, ૧૬, ૨૩ અને જીઈબીમાંથી કેસ મળ્યા

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૧ મહિલા દર્દીઓ નોંધાઈ છે. કુડાસણમાં ૧ વર્ષની દિકરી સંક્રમિત થઈ છે. ૪ સરકારી નોકરીયાતો, બે વિદ્યાર્થીઓ પણ સંક્રમિત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૩ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ગ્રામીણ વિસ્તારોમાં પણ હવે કોરોનાથી વાવોલમાંથી બે કેસ, સરગાસણમાંથી ૬ કેસ, રાંદેસણમાંથી ૫ કેસ, કુડાસણમાં ૧ વર્ષીય બાળકી સહિત ૬ કેસ ઉપરાંત આદરજ, ભાટ, રાયસણ, પેથાપુર અને સુઘડમાંથી એક-એક કેસ મળી આવેલ છે.

કલોલમાંથી ગ્રામ્ય વિસ્તાર સઈજમાંથી એક કેસ તેમજ અર્બન-૨ વિસ્તારમાંથી એક કેસ મળી આવેલ છે.

લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં મોટીવયના લોકો, વિદ્યાર્થીઓ અને મહિલા દર્દીઓ તેમજ નાના ભુલકાઓ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૨૮ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં માંથી ૩, ઉપરાંત સે. ૧૩, સે. ૪, સે. ૨૪, બોરીજમાંથી બે-બે કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત સે. ૨૯, ૨૫, ૧, ૨, ૩, ૧૬, ૨૩, ૨૮, જીઈબીમાંથી કેસો મળી આવ્યા છે.

શહેરમાં આજે પણ મોટીવયના દર્દીઓ વધુ સંક્રમિત થયા હોવાથી તંત્રની ચિંતા વધી છે. તંત્રએ તેની અપીલને દોહરાવતાં જરૂરી ના હોય તો ઘરની બહાર ન સંક્રમિત થનારાઓની સંખ્યા ૪ હજારની નજીક પહોંચી રહી છે તેથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે ૨૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા પણ વધીને ૨૮૦ જેટલી થવા જાય છે. શહેરમાં પાંચ હજારથી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

## શહેરમાં રસીકરણ માટે ૧૦ કેન્દ્રો શરૂ કરાયા

ગાંધીનગર શહેરમાં કોવિડ-૧૯ સામે વેક્સીનેશનની હાથ ધરાયેલ ઝુંબેશમાં આજે ૩ હજારથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

મનપા આરોગ્ય તંત્રના જણાવ્યા પ્રમાણે ચાર અર્બન હેલ્થ સેન્ટર, સિવિલ હોસ્પિટલ ઉપરાંત ઉદ્યોગભવન, સચિવાલય બ્લોક નં. ૭, ૧૧, પટેલ વાડી સે. ૭, સોરઠ કરાડિયા સમાજની વાડી સે. ૫, સે. ૨૧ ની ગર્વ. ડિસ્પેન્સરી, સે. ૨૩, પ્રા. શાળા, બોરીજ પ્રા. શાળા, સે. ૮ નું સરકારી દવાખાના ખાતે રસીકરણ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે.

## મનપા વિપક્ષના નેતાનો પરિવાર કોરોનાથી સંક્રમિત

મનપામાં વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા અને તેમનો પરિવાર કોરોનાથી સંક્રમિત થતાં તેમણે ચૂંટણી લડવાનો ઈન્કાર કર્યો છે.

તેઓ તેમના પરિવાર સાથે ઘરે જ હોમ આઈસોલેટ થયા છે. શહેરમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. કોંગ્રેસના આક્રમક યુવા નેતા જીતુભાઈ રાયકાના ભાઈનું અવસાન થયુ હોવાથી તેમણે પણ ચૂંટણી લડવાનો ઈન્કાર કર્યો હોવાનું જાણવા મળેલ છે.

## જિલ્લા પંચાયતમાં ૧૦ કર્મયોગીઓનો રિપોર્ટ : કર્મયોગીઓમાં ફફડાટ

ગાંધીનગર જિલ્લા પંચાયત સંકુલમાં પણ કોરોનાનો વિસ્ફોટ થયો છે. પંચાયતના ૧૦ થી વધુ કર્મયોગીઓ છેલ્લા બે દિવસમાં સંક્રમિત થતાં કર્મચારીઓમાં ફફડાટ અને ભયની લાગણી પ્રસરી જવા પામી છે. પંચાયત કચેરીમાં જે પહેલાં થર્મલ ગનથી સ્ક્રીનીંગ અને મુલાકાતીઓના આગમન સમયે નોંધણી કરવાની કામગીરી થતી હતી તે બંધ થઈ ગઈ છે તેમજ મુલાકાતીઓની સંખ્યામાં પણ વધારો થયો હોવાથી કર્મયોગીઓમાં ભયની લાગણી જોવા મળી રહી છે.

જિલ્લા પંચાયત સંકુલનું સેનીટાઈઝેશન કરાવુ જોઈએ તેમજ કર્મચારીઓ અને મુલાકાતીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવે તેમજ મુલાકાતીઓ માસ્ક સાથે જ પ્રવેશ કરે તેની કડક અમલવારી થાય તેવી લાગણી કર્મયોગીઓમાં જોવા મળી હતી.

## જીતુ રાયકા અને શૈલેન્દ્રસિંહે છેલ્લી ઘડીએ સામાજિક કારણો રજુ કરી લડવાનો ઈન્કાર કર્યો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગર પાલિકાના ચૂંટણી જંગ માટે કોંગ્રેસે પણ તેના વર્તમાન કાઉન્સીલરોમાંથી માત્ર ૬ ને ઉમેદવાર બનાવ્યા છે જ્યારે બાકીના ઉમેદવારોના પત્તા કપાયા છે.

**કોંગ્રેસે ૬ કાઉન્સીલરોને પુનઃ પસંદ કર્યા તો બે મહિલા કાઉન્સીલરોના પતિદેવને ટિકિટ આપી**

કોંગ્રેસના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા અને આક્રમક યુવા નેતા જીતુ રાયકાએ સામાજિક કારણોસર આ જંગમાં ઝુકાવ્યુ નથી તો જયરાજસિંહ વાઘેલાએ પહેલેથી જ ચૂંટણી લડવાનો ઈન્કાર કરી દીધો હતો.

કોંગ્રેસ પક્ષે આજે સવારે અર્થાત ગઈકાલે મોડી રાત્રે યાદીને આખરી ઓપ આપ્યો હતો. કોંગ્રેસમાંથી બે મહિલા કાઉન્સીલરો હિરલબેન જોશી અને પીન્કીબેન પટેલના બદલે તેમના પતિદેવોએ આ વખતે જંગમાં ઝુકાવ્યુ છે.

નવા સીમાંકનને લઈ કેટલાકે તો લડવાનો મૂડ હોવા છતાં છેલ્લી ઘડીએ નહિ લડવાનો નિર્ણય જાહેર કર્યો હોવાનું કોંગ્રેસના સૂત્રોએ જણાવ્યુ છે.

વોર્ડ નં. ૧૦ માં ગીકાલે મોડી રાત્રે કોંગ્રેસના શક્તિ પટેલે ઉમેદવારી પાછી ખેંચવાની જાહેરાત કરી હતી તો વોર્ડ નં. ૫ માં અગાઉ જાહેર થયેલ ઉમેદવારમાં પણ આજે છેલ્લી ઘડીએ ફેરફાર થયો હતો.

## ચ-માર્ગ પર મેટ્રોના રૂટ પર વૃક્ષોનો સર્વે

### ચ માર્ગ પર મેટ્રોના રૂટમાં આવતા વૃક્ષોનો તાગ મેળવવા અભ્યાસ : વન વિભાગ વૃક્ષોને અનુલક્ષી આખરી માર્કીંગ કરશે



ગાંધીનગર તા ૧

શહેરના મુખ્યમાર્ગો આસપાસ વૃક્ષોનુ માર્કીંગ કરવામાં આવી રહ્યુ છે. મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં વૃક્ષોનો સર્વે કરવામાં આવી રહ્યુ છે. મેટ્રોના રૂટને અનુલક્ષી નડતરરૂપ વૃક્ષોનો સર્વે કરવામાં આવી રહ્યો છે. જેના અંતે આખરી માર્કીંગની પ્રક્રીયા કરવામાં આવશે. ત્યારે આગામી દિવસોમાં આ વૃક્ષોની કટોતી કરાશે તેમ પણ મનાઈ રહ્યુ છે. શહેરમાં વન આરક્ષિત વિસ્તારની હરિયાળી ખતરામાં છે. એકબાજુ શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે પાણીની લાઈન નાંખવા માટે મુખ્યમાર્ગો આસપાસ વૃક્ષોનુ માર્કીંગ કરાયુ છે.જયારે આ દરમિયાન ૨૯૧૫ જેટલા વૃક્ષોનુ માર્કીંગ કરવાની સાથે અંદાજિત ૩૭ હજાર જેટલા રોપાઓનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત શહેરના ચ માર્ગ પર મેટ્રોરેલના રૂટને અનુલક્ષીને પણ વન આરક્ષિત વિસ્તારમાં વૃક્ષોનો સર્વે કરવામાં આવી રહ્યો છે. ચ માર્ગ પર ચ-૦ થી ચ-૩ સુધીના વિસ્તારમાંવૃક્ષોનો સર્વે કરાઈ રહ્યો છે. ત્યારે આગામી દિવસોમાં સર્વેના અંતે અભ્યાસ બાદ મેટ્રો ના પ્રોજેકટને અનુલક્ષીને વૃક્ષોનુ આખરી માર્કીંગ કરાશે. શહેરમાં અનેકવિધ વિકાસ કામોની સાથે પાણી ગટરની લાઈન અને રોડ નેટવર્કને અપગ્રેડ કરવા સહીત હવે મેટ્રો પ્રોજેકટને અનુલક્ષી હરિયાળા વૃક્ષોનો સોથ વળશે ત્યારે વૃક્ષોની કટોતી કરતા વિકાસ કામોને અનુલક્ષી પ્રકૃતિ પ્રેમીઓમાં પણ પ્રબળ રોષ પ્રવર્તયો છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com